આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

પ્રેમ શબ્દ ભલે ન ગમે તેટલા વિલંબથી અને ગમે તે પ્રકારે વ્યક્ત કરવામાં આવે, પરંતુ તે સદૈવ સર્વશ્રેષ્ઠ હોય છે
- મલેશિયન કહેવત

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૧૧૧ | ૧ જુલાઇ, ૨૦૧૩, સોમવાર; જયેષ્ઠ વદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# જિલ્લામાં વરસાદ ખેંચાતા ભારે ચિંતા

## ખેડૂતો પિયતની ઓછી સુવિધાઓને પગલે દોડધામ વધારી છે પણ વીજળીની અનિયમિતતાને લઈ ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લામાં વરસાદ ખેંચાઈ જતાં ખેડૂત સહિત સમગ્ર સમાજજીવન ચિંતાતુર બની જવા પામ્યું છે. ખેડૂતો દ્વારા પ્રિ-મોન્સુન એક્ટીવીટીની સક્રિયતાને પગલે થયેલા વરસાદને પગલે વાવણીનો પ્રારંભ કરી દેવામાં આવ્યો હતો હવે વાવણી કરેલા આ પાક સામે ખતરો ઉભો થવા પામ્યો છે.

જિલ્લામાં ૨૫ હજાર હેક્ટર વિસ્તારમાં વાવણી થઈ ચુકી છે, પરંતુ વરસાદ જે રીતે ખેંચાયો છે તેના પગલે કપાસ, મગફળી તેમજ શાકભાજીના પાકો સામે ખતરો ઉભો થયો છે. શાકભાજીના ભાવોમાં પણ વરસાદ ખેંચાતા ભાવોમાં ઉછાળો નોંધાયો છે.

બીજી તરફ પિયતની નહીવત સુવિધા ધરાવતા જિલ્લામાં પાકને બચાવવા માટે ખેડૂતો મોંઘા ભાવે પાણી મેળવવાની દોડધામ કરતા નજરે પડી રહ્યા છે. વીજળીની અનિયમિતતાને પગલે પણ પાણીની સુવિધા મેળવવામાં ખેડૂતોને અનેકવિધ સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે.

ખેડૂતો સાથે વાતચીત કરતાં જાણવા મળ્યું હતું કે જો એક-બે દિવસમાં વરસાદ નહિ થાય તો કપાસ અને મગફળીના પાકને નુકશાન થવાનો ભય છે. જ્યાં પિયતની સુવિધા ઉપલબ્ધ છે ત્યાં કપાસના પાકમાં નિંદામણ કરી પાકને બચાવવા માટે પિયત અપાઈ રહ્યું છે.

આકાશમાં વાદળો બંધાય છે પણ વરસતા નથી અને વાતાવરણમાં ઉકળાટ જોવા મળે છે પરંતુ વરસાદને અનુરૂપ ભેજ જોવા મળતો નહિ હોવાથી વરસાદ ખેંચાઈ રહ્યો છે. જિલ્લામાં આમ તો ખેતી માટે ખેડૂતોએ લગભગ તમામ તૈયારીઓ પૂર્ણ કરી દીધી છે.


જમીનમાં ભેજનું તત્વ ઘટતાં આકાશ તરફ અમીદ્રષ્ટિ કરવા વરૂણ દેવને વિનવતા ખેડૂતો : શાકભાજીના ભાવો વધ્યા : ગ્રામ વિસ્તારના પાણી પુરવઠાના સ્રોતો સામે પણ પ્રશ્નાર્થ : ઘેરાયેલા વાદળો વરસતા નથી

બીજી જિલ્લાના નદી કિનારાના ગ્રામ્ય વિસ્તારમાં ચૂડવેલના જણાયેલા ઉપદ્રવને કારણે પણ વરસાદ ખેંચાયો હોવાનું ખેડૂતો માની રહ્યા છે.

વરસાદ ખેંચાતા આમ તો જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પેયજળની ગુણવત્તાને લઈ પ્રશ્નો પણ ઉપસ્થિત થયા છે. તેમજ વર્તમાન પાણીના સ્રોતો સામે પણ પ્રશ્નાર્થ ઉભા થવા પામ્યા છે. વરસાદ ખેંચાતા શાકભાજીના ભાવમાં આવેલા ઉછાળાને કારણે મધ્યમવર્ગના પરિવારોનું બજેટ ખોરવાઈ જવા પામ્યું છે.

ખેડૂતો ખેતરમાં વાવણી કરેલ કપાસ, મગફળીના પાકને બચાવવા માટે ચિંતાતુર બન્યો છે. બિયારણ અને ખાતરના ભાવો પણ આ વખતે વધારે હોવાથી ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે. ખેડૂતો કપાસમાં નિંદામણ જે થયુ છે તે દૂર કરવામાં વ્યસ્ત છે પણ આ માટે જે મજૂરો જોઈએ તેની પણ અછત જોવા મળી રહી છે. આથી ખેડૂતો ભારે મુશ્કેલીમાં મુકાયા છે.

ચોમાસાના પ્રારંભે જ જિલ્લામાં સારા વરસાદના ચિન્હો જણાયા હતા પરંતુ છેલ્લા ૧૫ દિવસ કરતાં પણ વધુ સમયથી જે રીતે વરસાદ હાથ તાળી આપી જતો રહ્યો છે તેને કારણે સમગ્ર જનજીવન પર તેની ઘેરી અસરો જોવા મળી રહી છે. આજે ચોરે અને ચૌટે એક જ વાત છે વરસાદ ક્યારે આવશે ?

વરસાદનો પ્રથમ રાઉન્ડ જૂનના આરંભે જ થયો હતો અને જિલ્લામાં ૨ાા ઈંચ જેટલો વરસાદ થતાં જમીનમાં સારો એવો ભેજ થતાં ખેડૂતોએ વાવણીનો ઉત્સાહભેર આરંભ કર્યો હતો પરંતુ જે રીતે વરસાદ ખેંચાયો છે તેને પગલે દિવેલાનું વાવેતર કરવા ખેડૂતોએ હાલ પુરતુ મુલ્તવી રાખેલ છે તેમજ જે વાવેતર કર્યું છે તેને બચાવવા દોડધામમાં પડ્યા છે. જમીનમાંથી ભેજનું પ્રમાણ ઝડપથી ઘટી રહ્યું છે. અને તેની સીધી અસર પાક ઉત્પાદન પર થતી હોવાથી ખેડૂતો વધુ ચિંતાતુર બન્યા છે.

# શહેર ભાજપના પ્રમુખપદે નીતિન પટેલ નિમાયા



ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર શહેર ભાજપના પ્રમુખ તરીકેશ્રી નીતિન પટેલની વરણી કરતી વિધિવત જાહેરાત શ્રી કમલમ્ ખાતેથી કરવામાં આવતાં કાર્યકરોમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી હતી.

ગાંધીનગર તાલુકાના રૂપાલ ગામના વતની શ્રી નીતિન પટેલ અગાઉ જિલ્લા ભાજપનું પ્રમુખપદ પણ શોભાવી ચુકયા છે. સંગઠ્ઠનના સારા જાણકાર હોવાથી પક્ષ દ્વારા હવે તેમની શહેર પ્રમુખ તરીકે પસંદગી કરવામાં આવી છે. તેઓએ ગાંધીનગર (ઉ) વિધાનસભા માટે પણ તેમનો દાવો પક્ષ સમક્ષ રજુ કર્યો હતો.

શ્રી નીતિન પટેલ છેલ્લા દસકાથી ગાંધીનગર શહેરમાં વસવાટ કરી રહ્યા છે અને શહેરના પ્રશ્નોથી પણ તેઓ જાણકાર છે. ગાંધીનગર શહેર સંગઠ્ઠનની પુનઃરચના અંગે ઘણા સમયથી રાહ જોવાતી હતી. શ્રી પટેલની નિમણુંકના સમાચાર ભાજપના કાર્યકરોમાં વાયુવેગે પ્રસરી ગયા હતા. શ્રી પટેલ હવે તેમની નવી ટીમની રચના જિલ્લાના આગેવાનો સાથે પરામર્શ કર્યા બાદ જાહેર કરશે.

# અશોક ભાવસાર સાબરકાંઠાના પ્રભારી



ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લા ભાજપના પૂર્વ પ્રમુખ અને ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળના ચેરમેન શ્રી અશોકભાઈ ભાવસારની સાબરકાંઠા જિલ્લા ભાજપના પ્રભારી તરીકે આજે નિયુક્તી કરવામાં આવી છે.

શ્રી અશોકભાઈ ભાવસાર કુશળ સંગઠ્ઠક તરીકેની એક આગવી ઓળખ ધરાવે છે. તેમણે તેમના પ્રમુખ તરીકેના કાર્યકાળ દરમ્યાન જિલ્લા ભાજપના કાર્યાલય શ્રીકમલમ્નું નિર્માણ તેમજ વનબુથ ટેન યુથ અંતર્ગત ફોટા સાથેની ડિરેક્ટરી તૈયાર કરી હતી. તેમણે

● અનુસંધાન પાના - ૭ પર

# જિલ્લાના ૧૧ માર્ગોની સુધારણા અને રિકાર્પેટીંગ માટે રૂ. ૧૫ કરોડની ફાળવણી

## ધારાસભ્ય શંભુજી ઠાકોરની મહેનત રંગ લાવી, સરકારના નિર્ણયથી ગ્રામ્ય પંથકમાં ખુશીની લહેર

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લાના ૧૧ જેટલા ગ્રામ્ય માર્ગોની સુધારણા તેમજ રિકાર્પેટીંગ ના કામો માટે માર્ગ મકાન મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે રૂ. ૧૫ કરોડના ખર્ચની મંજૂરી આપી છે.

જિલ્લાના ધારાસભ્યશ્રી શંભુજી ઠાકોર ભાજપના પ્રમુખશ્રી નૌલેશ શાહે મંત્રીશ્રીના આ નિર્ણયને આવકારતાં જણાવ્યું છે કે આ મંજૂરી મળતાં જિલ્લાની આંતર માળખાકીય સુવિધાઓના સુદ્રઢીકરણની સાથે સાથે માર્ગ પરિવહનની સુવિધામાં નોંધપાત્ર સુધારો થશે અને તેની સીધી અસર વિકાસના કામો પર પડશે. ગાંધીનગર તાલુકાના ખાસ કરીને પૂર્વ પટ્ટી વિસ્તારના ૮ થી વધુ ગામોના માર્ગોની સુધારણા અને રિકાર્પેટીંગ માટે અપાયેલી મંજૂરી અંગે ઘણા વખતથી રાહ જોવાતી હતી. સરકારે આ મંજૂરી આપતાં આ વિસ્તારમાં વિકાસની કામગીરીને નવો વેગ મળશે.

| ક્રમ | તાલુકો | કામનું નામ | કામની વિગત | અંદાજી રકમ રૂ. લાખમાં |
|---|---|---|---|---|
| ૧ | ગાંધીનગર | એન.એચ-૮થી માતાપુરા (મહાદેવપુરા રોડ) | સુધારણા અને રીકાર્પેટીંગ | ૮૦.૦૦ |
| ૨ | ગાંધીનગર | એન.એચ-૮થી નાના ચિલોડા પ્રાઈમરી સ્કુલ રોડ | સુધારણા અને રીકાર્પેટીંગ | ૪૦.૦૦ |

● અનુસંધાન પાના - ૭ પર














